# ભારતમાં રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM) હેઠળ વર્ષવાર બજેટમાં થયેલા ફેરફારોનો અભ્યાસ

Dr. RINABEN HARISHBHAI GAMIT
PRB ARTS & PGR COMMERCE COLLGE
BARDOLI, SURAT
Email:- Rinagamit2013@gmail.com
ORCID ID: 0009000601933090

## સારાંશ:

ભારતમાં જાહેર આરોગ્ય વ્યવસ્થાને મજબુત બનાવવા માટે રાષ્ટ્રીય આરોગ્ય મિશન NATIONAL HEALTH MISSION (NHM) એક મહત્વ પૂર્ણ સરકારી યોજના છે. જેનો મુખ્ય હેતુ શહેરી અને ગ્રામ્યો વિસ્તારોમાં સૌને સસ્તી ગુણવત્તાયુક્ત અને સગવડભરી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. વર્તમાન અભ્યાસમાં નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪-૨૫ દરમિયાન (NHM) હેઠળ કરવામાં આવેલ વર્ષવાર બજેટમાં થયેલા ફેરફારોનું વિષ્લેષણ કરવામાં આવ્યું છે. આ અભ્યાસ દ્વિતીય માહિતી પર આધારિત છે. જેમાં યુનિયન બજેટનાં અહેવાલો, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનાં સત્તાવાર દસ્તાવેજો, રિચર્ચ પેપર, PRB LEGISLATIVE RESEARCH જેવી વિશ્વસનીય સંસ્થાઓના અહેવાલોનો સમાવેશ થાય છે. આ અભ્યાસનું વિશ્લેષણ કરતાં જણાય છે, કે રાષ્ટ્રીય આરોગ્ય મિશન માટેનું બજેટ સમય સાથે સતત વધતું ગયું છે અને ખાસ કરીને તાજેતરનાં વર્ષોમાં તેમાં નોંધપાત્ર વધારો થયો છે, અને આ વધારો આરોગ્ય માળખાને મજબુત બનાવવા પ્રાથમિક આરોગ્ય સેવાઓ સુધારવા, માતા બાળ આરોગ્ય તથા રોગ નિયંત્રણ કાર્યક્રમોને વધુ અસરકારક બનાવવાની દિશામાં સરકારે પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ અભ્યાસ જાહેર આરોગ્ય ક્ષેત્રમાં સરકારી ખર્ચનાં વધતા મહત્વને સમજવામાં ઉપયોગી સાબિત થાય છે.


## 1. પ્રસ્તાવના:

આરોગ્ય કોઈપણ દેશનાં સર્વાંગી વિકાસ માટેનું મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. સ્વસ્થ જનસંખ્યા વિના આર્થિક વિકાસ, સામાજિક વિકાસ અને માનવીય વિકાસ શક્ય હતો નથી. ભારત જેવા સમૃદ્ધ વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારો વચ્ચે આરોગ્ય સેવાઓમાં અસમાનતા લાંબા સમય સુધી જોવા મળે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકારે જાહેર આરોગ્ય વ્યવસ્થાને મજબુત બનાવવા માટે રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM) NATIONAL HEALTH MISSIONની રચના કરી છે. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ સૌપ્રથમ સૌ માટે સુલભ, સસ્તી, અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ સુનિશ્ચિત કરવાનો છે.

રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM) હેઠળ માતા-બાળ આરોગ્ય સેવાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, રોગ નિવારણ કાર્યક્રમો તથા આરોગ્ય સુદઢતા પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. આવી યોજનાઓની સફળતા મોટા ભાગે સરકાર દ્વારા ફાળવવામાં આવતી નાણાંકીય સહાય પર

આધારિત હોય છે. તેથી રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM) માટે વર્ષવાર બજેટ આવંટનમાં થતા ફેરફારોનો અભ્યાસ કરવો અત્યંત જરૂરી બને છે.

પ્રસ્તુત અભ્યાસમાં નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪-૨૫ દરમિયાન NHM માટે ફાળવેલા બજેટમાં થયેલા ફેરફારોનું વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવ્યું છે. આ અભ્યાસ જાહેર આરોગ્ય ક્ષેત્રમાં સરકારી ખર્ચની દિશા, મહત્વ અને વધતા પ્રભાવને સમજવામાં ઉપયોગી સાબિત થાય છે.

## 2. સંદર્ભ સાહિત્યની સમીક્ષા:

**Sandhya Ahuja (2025) National health mission (NHM) Evolution, objectives and impact on India's health System a Comprehensive Overview**

પસ્તુત સંશોધન લેખમાં NHMની સ્થાપના, હેતુઓ કાર્યક્રમાત્મક માળખું, સુવિધા, ધોરણો અને માપી શકાય તેવા પરિણામોનો વ્યાપક ઝાંખી પ્રદાન કરે છે. તે એવું દર્શાવે છે. કે NHM એ માતૃત્વ અને બાળ આરોગ્ય સૂચકાંકોમાં કેવી રીતે સુધારો કર્યો છે. સંસ્થાકીય પ્રસુતિનો વિસ્તાર કર્યો છે. રોગ પ્રતિકારક કવરેજમાં વધારો કર્યો છે. અને માતૃત્વ અને શિશુ મૃત્યુદરમાં ઘટાડો કર્યો છે. તે જ સમયે તે માનવ સંસાધનોમાં ચાલી રહેલા પડકારો, માળખાગત ખામીઓ અને ભારતમાં સાર્વત્રિક આરોગ્ય કવરેજ પ્રાપ્ત કરવા માટે સતત રોકાણની જરૂરિયાતો સ્વીકારે છે.

**Prashant Kumar Kaushik (2020) Effectiveness of NHM with Special Reference to Uttarakhand**

પ્રસ્તુત મહાશોધ નિબંધમાં ભારત સરકારની સામાજિક પહેલ તરીકે શરૂ કરાયેલ National Health Mission (NHM)ની અસરકારકતા અંગેનાં તારણો રજુ કરે છે, જે ભારત સરકાર,રાજ્ય સરકારો દ્વારા અમલમાં મુકવામાં આવી છે. ખાસ કરી ઉત્તરાખંડ રાજ્યમાં તેની અસરકારકતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ અભ્યાસમાં NHM પહેલા અને ૨૦૧૭ સુધી તેની અસરકારકતાનાં પરિણામોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઉત્તરાખંડ રાજ્યમાં વિશાળ ભૂગોળીય વૈવિધ્ય છે, અને સાક્ષરતા દર રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ છે, શહેરી-ગ્રામ્ય  અંતર પર ભુગોળીય પરિસ્થતિઓનો વધારાનો જટિલ પ્રભાવ જોવા મળે છે. રાષ્ટ્રીય આરોગ્ય મિશન એ મહત્વપૂર્ણ (ફ્લેગશીપ) કાર્યક્રમ તરીકે રાજ્યમાં અસરકારક રીતે અમલમાં મુકાયેલ જણાય છે, તેમ છતાં IMR અને MMR જેવા લક્ષ્યોમાં સફળતા થોડી જ રહી ગઈ હતી. ૨૦૧૫માં MMR ૧૭૨ સુધી પહોચ્યો હતો. જયારે IMR ૩૧ રહ્યો હતો, જે લક્ષ્ય ૨૮ કરતાં થોડો વધુ હતો.

આ અભ્યાસમાં ઉત્તરાખંડનાં તમામ ૧૩ જિલ્લાઓનો અભ્યાસ કરીને લોકોની ધારણા જાણવાનો પ્રયાસ કર્યો હતો. રાજ્યનાં લોકોમાં જાગૃતિનું સ્તર ઊચું છે, પરંતુ સેવા પ્રદાતાઓ અને લાભાર્થીઓની ધારણામાં તફાવત જોવા મળે છે, રાષ્ટ્રીય આરોગ્ય મિશનનાં ઉદ્દેશો લોકો સારી રીતે જાણે છે, પરંતુ પ્રેરણાની અછત કાર્યક્રમની એક મુખ્ય મર્યાદા તરીકે સામે આવી છે. સેવા પ્રદાતાઓમાંથી ૪૯.૨૩% એ સમંત થયા કે આ કાર્યક્રમનાં કારણે માળખાકીય સુવિધાઓ, કાર્ય પર્યાવરણ અને સુવિધાઓમાં સુધારો થયો છે. જોકે ૬૧% સેવા પ્રદાતાઓએ કામના ભાર અને જવાબદારીઓમાં વધારો થયો હોવાનું નોધ્યું છે. આશરે ૬૯.૨૩% સેવા પ્રદાતાઓના મત મુજબ વધુ તાલીમ અને જાગૃતિ અભિયાન જરૂર છે. ઘણાં મોટા પ્રમાણમાં લોકો એ વાત સાથે સમંત નથી કે NHMનાં કારણે નવજાત શિશુઓની ગુણવત્તાયુક્ત સારવારમાં નોંધપાત્ર વધારો થયો છે. ઉપરાંત, દૂરસ્થ અને પર્વતીય વિસ્તારો સુધી સેવાઓ પહોંચે છે કે નહિ તે અંગે ૪૩.૬૭% લોકો અચોક્કસ રહ્યા. આમ, સમગ્ર રીતે NHM કાર્યક્રમની અસરકારકતા સારી છે અને IMR તથા MMR લક્ષ્યોને ખુબ નજીક પહોંચી છે. આ દિશામાં થોડાં વધુ સુધારાત્મક અને પ્રેરણાત્મક પગલાં લેવાના લક્ષ્યો પ્રાપ્ત શકાય તેમ છે.

## 3. હેતુઓ :

(1) ભારતમાં રાષ્ટ્રીય આરોગ્ય મિશનની ઉત્ક્રાંતિ અંગેની માહિતી જાણવી.

(2) ભારતમાં રાષ્ટ્રીય આરોગ્ય મિશન(NHM) હેઠળ વર્ષવાર બજેટ ખર્ચમાં થયેલા ફેરફારોનું અભ્યાસ કરવો.

(3) નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪-૨૫ દરમિયાન NHM માટે ફાળવેલા બજેટમાં વૃદ્ધિ કે ઘટાડાની પ્રવૃત્તિનું વિશ્લેષણ કરવું.

(4) રાષ્ટ્રીય આરોગ્ય મિશન અંતર્ગત આરોગ્ય માળખાની મજબુત માટે બજેટ ફાળવણીની દિશા અને વલણનું મુલ્યાંકન કરવું.

## 4. સંશોધન પદ્ધતિ :

પસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પર આધારિત છે તેમજ ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM)ની ઉત્ક્રાંતિ :**

National Health Mission (NHM) ભારતમાં ૧૨ અપ્રિલ, ૨૦૦૫નાં રોજ શરૂ કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વસ્તીને ખાસ કરીને મહિલાઓ અને બાળકો સહિત વંચિત

અને નબળા વર્ગોને અસરકારક આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો છે. આ માટે આરોગ્ય સેવાઓ સુધી પહોંચ સુધારવી, સમુદાયની માલિકી અને સેવાઓ માટે માંગને પ્રોત્સાહન આપવું, કાર્યક્ષમ સેવા વિતરણ માટે જાહેર આરોગ્ય વ્યવસ્થાને મજબુત બનાવવી, સમાનતા અને જવાબદારી વધારવી તથા વિકેન્દ્રિતને પ્રોત્સાહન આપવું જેવા મુદ્દાઓ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

NHMનો હેતુ ગ્રામીણ વસ્તી-ખાસ કરીને સંવેદનશીલ વર્ગોને- સહજપણે ઉપલબ્ધ, સસ્તી અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો છે. આ યોજના સમગ્ર દેશને આવરી લે છે, પરંતુ ખાસ કરીને ૧૮ એવા રાજ્યો જેમાં ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ, ઓડીશા, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, આસામ, અરુણાચલ પ્રદેશ, મણીપુર, મેઘાલય, નાગાલેંડ, મિઝોરમ, સિક્કિમ અને ત્રિપુરા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે. જ્યાં નબળી જાહેર આરોગ્ય વ્યવસ્થાને મજબુત બનાવવાનો પડકાર વધુ છે. અને જેના કારણે મુખ્ય આરોગ્ય સૂચકોમાં સુધારો કરવાની જરૂરિયાત છે.

રાષ્ટ્રીય આરોગ્ય સંસ્થા (NHM) વિવિધ રાષ્ટ્રીય કાર્યક્રમનું સંયોજન છે. જેમાં Reproductive and Child Health-II (RHC-II) પ્રોજેક્ટ, National Disease Control Programmes તથા Integrated Disease Surveillance Projectનો સમાવેશ થાય છે. ઉપરાંત, NHM દ્વારા AYUSH- અર્થાત આયુર્વેદ, યોગ, યુનાની સિદ્ધા અને હોમિયોપેથી જેવી આરોગ્ય પદ્ધતિઓને મુખ્ય પ્રવાહ લાવવામાં પણ સહાય મળે છે.

ભારતમાં રાષ્ટ્રીય આરોગ્ય મિશન(NHM) હેઠળ વર્ષવાર બજેટ ખર્ચમાં થયેલા ફેરફારોનો અભ્યાસ પ્રમાણે જોતાં આંકડાકીય માહિતી યુનિયન બજેટ ખર્ચનાં બજેટ રિપોર્ટમાંથી લેવામાં આવ્યા છે. જે નીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે.

**NHM હેઠળ વર્ષવાર બજેટ ખર્ચમાં થયેલા ફેરફારો દર્શાવતો કોઠો**

| નાણાંકીય વર્ષ | વાસ્તવિક ખર્ચ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૩૪,૬૫૯.૫૩ |
| ૨૦૨૦-૨૧ | ૩૭,૦૮૦.03 |
| ૨૦૨૧-૨૨ | ૨૭,૪૪૭.૫૬ |
| ૨૦૨૨-23 | ૩૧,૨૭૮.૮૪ |
| ૨૦૨૩-૨૪ | ૩૩,૦૪૨.૬૨ |
| ૨૦૨૪-૨૫ | ૩૮,૮૮૯.૩૪ |

સ્રોત :Ministry of Health and Family Welfare, ન્યુ દિલ્હી




**આલેખ 1.1**

**NHMમાં વર્ષવાર બજેટ ખર્ચમાં થતા ફેરફારો**

## 5. અર્થઘટન:

પ્રસ્તુત સારણી અને આલેખ 1.1નાં આધારે NHMમાં વર્ષવાર બજેટ ખર્ચમાં થયેલા ફેરફારો જોવા મળે છે. કે ૨૦૧૯-૨૦માં વાસ્તવિક કુલ ખર્ચ ૩૪,૬૫૯.૫૩(રૂ.કરોડ)ની ફાળવણી કરવામાં આવી હતી. ૨૦૨૦-૨૧માં ૩૭,૦૮૦.૦૩(રૂ.કરોડ)ની ફાળવણી કરવામાં આવી હતી.આમ,૨૦૨૧-૨૨માં ૨૭,૪૪૭.૫૬(રૂ.કરોડ), ૨૦૨૨-૨૩માં ૩૧,૨૭૮.૮૪(રૂ.કરોડ), ૨૦૨૩-૨૪માં ૩૩,૦૪૨.૬૨(રૂ.કરોડ) અને ૨૦૨૪-૨૫માં ૩૮,૮૮૯.૩૪(રૂ.કરોડ) જેટલી ફાળવણી કરવામાં આવી હતી. આમ, અર્થઘટન કરતાં જાણવા મળે છે, કે રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM)નાં વર્ષવાર જોતાં ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪-૨૫ દરમિયાન બજેટ ખર્ચની ફાળવણીમાં વધારો થયેલો જોવા મળે છે.

## 6. તારણો :

- રાષ્ટ્રીય આરોગ્ય મિશન NHM વર્ષવાર જોતાં બજેટમાં કુલ ખર્ચ સૌથી ઓછો ૨૦૨૧-૨૨ વર્ષ દરમિયાન ૨૭,૪૪૭.૫૬(રૂ.કરોડ),ની ફાળવણી થયેલી જોવા મળી હતી.
- રાષ્ટ્રીય આરોગ્ય મિશન NHM વર્ષવાર જોતાં બજેટમાં કુલ ખર્ચ સૌથી વધુ ૨૦૨૪-૨૫ વર્ષ દરમિયાન ૩૮,૮૮૯.૩૪(રૂ.કરોડ)ની ફાળવણી થયેલી જોવા મળી હતી.

- આમ વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪-૨૫ દરમિયાન જોતાં રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM)નાં બજેટનાં કુલ ખર્ચમાં વધારો થયેલો જોવા મળે છે.
- આમ ભારત સરકારની રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM) યોજના પાછળનો હેતુ આરોગ્ય માળખાને મજબુત બનાવવા માટે બજેટ ફાળવણીની દિશા અને વલણ જોવા મળે છે.

## સંદર્ભસુચિ:


- Ahuja S. (2025) National Health Mission (NHM) Evolution, Objective, and Impact on India's Health System a Comprehensive Overview, NHSRC: India.
- Kaushik P. K. (2020) Effectiveness of NHM with Special Reference to Uttarakhand, Jaipur: ICFAI University.
- nhm.gujarat.gov.in
- https://www.indiabudget.govt.in
- Government of India. (2019-25). Expenditure budget: Demand for grants- Department of Health and Family Welfare. New Delhi: Ministry of health and family Welfare.
- www.google.com